Vishva Samachar Weekly

RNI : GujGuj/2001/05622

લવાજમ
વાર્ષિક : 250 રૂપિયા
છૂટક નકલ : 5-00 રૂપિયા
લવાજમ અને જાહેરાતનો ચેક/ ડ્રાફ્ટ
'વિશ્વ સમાચાર'ના
નામથી મોકલી આપવા વિનંતી
શેઠ વાડીલાલ સારાભાઇ હોસ્પિટલ સામે,

Associated
PRESS OWNERS WELFARE ASSOCIATION

વિશ્વ સમાચાર
સાપ્તાહિક


PRINTER, PUBLISHER, OWNER AND EDITOR : NILAYBHAI HARISHBHAI MEHTA

E-mail : vishvasamacharindia@gmail.com

● Office : Opp. Sheth Vadilal Sarabhai Hospital, Allisebridge, Ahmedabad - 380006 : Mo. 92745 45455

• Year : 24 • Issue : 49 • Dt. 01-09-2025 • Monday • Rs.5-00 • • Page-4







### લોકસભા સ્પીકરે મંજૂરી આપી

# સંસદ પરિસરમાં ભગવાન જગન્નાથના રથના ત્રણ પૈડા સ્થાપિત કરાશે

## ત્રણ પવિત્ર રથોમાંથી એક-એક પૈડું સંસદ પરિસરમાં સ્થપાશે  સંસદ પરિસરમાં સકારાત્મક વાતાવરણનું નિર્માણ થશે

નવી દિલ્હી

ભારતની સાંસ્કૃતિક વિરાસત અને આધ્યાત્મિક ઓળખને મજબૂત કરવા માટે એક અનોખી અને ઐતિહાસિક પહેલ કરવામાં આવી છે. ઓડિશાના પુરી સ્થિત વિશ્વપ્રસિદ્ધ શ્રી જગન્નાથ મંદિર પ્રશાસન (SJTA) દ્વારા પ્રસ્તાવ મૂકવામાં આવ્યો છે કે, ભગવાન જગન્નાથની વાર્ષિક રથયાત્રામાં ઉપયોગમાં લેવાતા ત્રણ પવિત્ર રથોમાંથી એક-એક પૈડું હવે દિલ્હી સ્થિત સંસદ ભવન પરિસરમાં સ્થાપિત કરવામાં આવશે. આ પ્રસ્તાવને લોકસભારના અધ્યક્ષ ઓમ બિરલાએ મંજૂરી આપી છે.

હવે વિશ્વપ્રસિદ્ધ પુરી રથયાત્રામાં ઉપયોગમાં લેવાતા ત્રણ પવિત્ર રથોમાંથી એક-એક પૈડું હવે દિલ્હી સ્થિત સંસદ પરિસરમાં સ્થાપિત કરાશે. આ પૈડાં ભગવાન જગન્નાથના નંદીઘોષ રથ, દેવી સુભદ્રાના દર્પદલન રથ અને ભગવાન બલભદ્રના તાલધ્વજ રથમાંથી લેવામાં આવશે. આ પહેલનો હેતુ ભારતની સાંસ્કૃતિક અને આધ્યાત્મિક વિરાસતમાં ઓડિશાના યોગદાનને કાયમી પ્રતીક તરીકે સ્થાપિત કરવાનો છે.

આ નિર્ણયને મંદિરના સેવકો અને ભક્તોએ ભારે ઉત્સાહ સાથે વધાવી લીધો છે. તેમનું માનવું છે કે, આનાથી જગન્નાથ સંસ્કૃતિનો વ્યાપક પ્રચાર-પ્રસાર થશે અને વધુ લોકોને આ પવિત્ર પરંપરા વિશે જાણવાની તક મળશે. ભક્તો માટે રથનું પૈડું અત્યંત પવિત્ર છે, કારણ કે આ રથ પર સ્વયં મહાપ્રભુ બિરાજમાન થાય છે. આ પ્રવૃત્તિથી સંસદ પરિસરમાં સકારાત્મક વાતાવરણનું નિર્માણ થશે, જે આપણા દેશની સાંસ્કૃતિક વિવિધતાને વધુ મજબૂત બનાવશે.



ઉલ્લેખનીય છે કે, લગભગ બે વર્ષ પહેલાં ૨૦૨૩માં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ લોકસભામાં સ્પીકરની ખુરશીની બાજુમાં સેંગોલની સ્થાપના કરી હતી, જે સત્તા હસ્તાંતરણનું પ્રતીક છે. આ સન્માન બાદ રથના પૈડાં સંસદ પરિસરમાં સ્થાપિત થનારું બીજું સાંસ્કૃતિક પ્રતીક હશે. આ પગલું દેશના સાંસ્કૃતિક અને આધ્યાત્મિક મૂલ્યોને આધુનિક સંસ્થાઓ સાથે જોડવાનું એક સુંદર ઉદાહરણ પૂરું પાડે છે. મહાપ્રભુ સ્વયં રથ પર બિરાજમાન થાય છે, તેથી રથના પૈડાને અત્યંત પવિત્ર માનવામાં આવે છે. ઘણા ભક્તો તેને પોતાના ઘરે પણ રાખે છે. નંદીઘોષ રથમાં ૧૬, તાલધ્વજ રથમાં ૧૪ અને દેવદલન રથમાં ૧ ૨ પૈડાં બનાવવામાં આવે છે. આ ત્રણેય રથો માટે કુલ ૪૨ પૈડાં બનાવવામાં આવે છે. આ પૈડાં મહારાણા વિશ્વકર્મા દ્વારા લાકડામાંથી તૈયાર કરવામાં આવે છે. દરેક પૈડાની ઊંચાઈ ૭ ફૂટ હોય છે અને બધા ૪૨ પૈડાં લાકડાના જ હોય છે.

### હવામાન વિભાગની મોટી આગાહી

# આગામી ચાર દિવસ પડશે ભારેથી અતિ ભારે વરસાદ

## યુપી, ઉત્તરાખંડ સહિત ઘણા રાજ્યોમાં ભારે વરસાદનું એલર્ટ

નવી દિલ્હી : ઉત્તર ભારતમાં આગામી ચાર દિવસ માટે ભારેથી અતિ ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. જેમાં હિમાચલ પ્રદેશમાં ૩૧ ઓગસ્ટથી ૩ સપ્ટેમ્બર, ઉત્તરાખંડમાં ૩૧ ઓગસ્ટ અને ૧ સપ્ટેમ્બર, જમ્મુમાં ૩૧ સપ્ટેમ્બરથી ૨ સપ્ટેમ્બર સુધી ભારેથી અતિ ભારે વરસાદ પડશે. આ ઉપરાંત, કોંકણ, ગોવા, મધ્ય મહારાષ્ટ્ર, ગુજરાત, દરિયાકાંઠાના કર્ણાટકમાં આગામી સાત દિવસ દરમિયાન ભારેથી અતિ ભારે વરસાદ પડશે. તો ૪થી ૬ સપ્ટેમ્બર દરમિયાન ગુજરાતમાં અત્યંત ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. ઉત્તર પશ્ચિમ ભારતની વાત કરીએ તો, ઉત્તરાખંડમાં ૩૧ ઓગસ્ટ અને ૧ સપ્ટેમ્બર, હિમાચલ પ્રદેશના દક્ષિણ ભાગોમાં ૩૧ ઓગસ્ટથી ૨ સપ્ટેમ્બર, જમ્મુ અને કાશ્મીર, લદાખમાં ૨ સપ્ટેમ્બરના રોજ ખૂબ જ ભારે વરસાદ પડશે. આ ઉપરાંત ઉત્તરાખંડ, પૂર્વ રાજસ્થાનમાં આગામી સાત દિવસ ભારે વરસાદ ચાલુ રહેવાનો છે. જમ્મુ અને કાશ્મીર, લદાખ, પંજાબ,



હરિયાણા, ચંદીગઢ, દિલ્હી, પશ્ચિમ ઉત્તર પ્રદેશમાં ૩૧ ઓગસ્ટથી ૨ સપ્ટેમ્બર સુધી ભારે વરસાદ પડશે, હિમાચલ પ્રદેશમાં ૩૧ ઓગસ્ટથી ૩ સપ્ટેમ્બર સુધી, પૂર્વી ઉત્તર પ્રદેશ, પશ્ચિમ રાજસ્થાનમાં ૩૧ ઓગસ્ટ અને ૧ સપ્ટેમ્બરના રોજ ભારે વરસાદ પડશે. પશ્ચિમ ભારતના રાજ્યોની વાત કરીએ તો, ગુજરાત ૪ અને ૫ સપ્ટેમ્બરે, સૌરાષ્ટ્ર અને કચ્છમાં ૫ અને ૬ સપ્ટેમ્બરે ભારે વરસાદ પડશે. ગુજરાત, કોંકણ, ગોવા, મધ્ય મહારાષ્ટ્રમાં આગામી સાત દિવસ ભારે વરસાદ પડશે, જ્યારે મરાઠવાડામાં ૨ અને ૩ સપ્ટેમ્બર દરમિયાન ખૂબ જ ભારે વરસાદ પડશે. પૂર્વી અને મધ્ય ભારતની વાત કરીએ તો, મધ્ય પ્રદેશ, છત્તીસગઢમાં આગામી પાંચ દિવસ ભારે વરસાદ પડશે, જ્યારે ઓડિશામાં આગામી ચાર દિવસ ભારેથી અતિ ભારે વરસાદ પડશે. ૨, ૩ અને ૪ સપ્ટેમ્બરના રોજ વિદર્ભ, ૩૧ ઓગસ્ટના રોજ આંદામાન અને નિકોબાર, બિહાર, ૧ અને ૨ સપ્ટેમ્બરના રોજ ઉપ હિમાલય પશ્ચિમ બંગાળ, સિક્કિમમાં વરસાદ પડશે.

# ટૂંક સમયમાં દક્ષિણ ભારતમાં બુલેટ ટ્રેનનું આગમન થશે

નવી દિલ્હી : ભારતમાં બુલેટ ટ્રેન નેટવર્કનું વિસ્તરણ ઝડપી બન્યું છે. આંધ્રપ્રદેશના મુખ્યમંત્રી એન. ચંદ્રબાબુ નાયડુએ જાહેરાત કરી છે કે દક્ષિણ ભારતમાં બુલેટ ટ્રેન પ્રોજેક્ટ માટે સરવેનો આદેશ અપાયો છે. આ નેટવર્ક હૈદરાબાદ, ચેન્નઈ, અમરાવતી અને બેંગલુરુ જેવા ચાર મોટા શહેરોને જોડશે. આ અંગે ચંદ્રબાબુ નાયડુએ  કહ્યું કે, ખૂબ જ જલ્દી દક્ષિણ ભારતમાં બુલેટ ટ્રેન આવશે. આ માટે સરવેનો આદેશ આપી દેવાયો છે. હૈદરાબાદ, ચેન્નઈ, અમરાવતી અને બેંગલુરુ. આ ચાર શહેરોની વસ્તી પાંચ કરોડથી વધુ છે અને આ વિશ્વનું સૌથી મોટું બજાર છે.

આ જ દિવસે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ જાપાનની રાજધાની ટોક્યોથી સેંદાલી સુધી બુલેટ ટ્રેનમાં મુસાફરી કરી. તેમની સાથે જાપાનના વડાપ્રધાન શિગેરુ ઈશિબા પણ હાજર હતા.ટોક્યોના જાપાની દૈનિકને આપેલા ઈન્ટરવ્યૂમાં પીએમ મોદીએ કહ્યું કે, ભારતે દેશભરમાં ૭,૦૦૦ કિલોમીટર લાંબું હાઈ-સ્પીડ રેલ નેટવર્ક વિકસાવવાનું લક્ષ્ય રાખ્યું છે. મુંબઈ-અમદાવાદ હાઈ-સ્પીડ રેલ પ્રોજેક્ટ પ્રગતિમાં છે. અમે તેનાથી પણ મોટું સ્વપ્ન જોયું છે. દેશભરમાં ૭,૦૦૦ કિલોમીટરનું હાઈ-સ્પીડ રેલ નેટવર્ક બનાવવાનું છે. અમારું લક્ષ્ય આગામી થોડા વર્ષોમાં મુંબઈ-અમદાવાદ કોરિડોર પર મુસાફરી સેવાઓ શરૂ કરવાનું છે.

*તંત્રીની કલમે................*

## સાઈબર ક્રાઈમમાં AIનો ઉપયોગ : સરકારના આંખ મિચામણાં

આંતરરાષ્ટ્રીય એજન્સીઓ દ્વારા તાજેતરમાં એક અહેવાલ રજૂ કરાયો છે. તેમાં ચેતવણી ઉચ્ચારવામાં આવી છે કે, સાઈબર ક્રાઈમ કરનારા ગુનેગારો દ્વારા હવે બેંક ફ્રોડ અને અન્ય આર્થિક છેતરપિંડીઓ માટે એઆઈનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. હેકર્સ દ્વારા આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સની મદદથી લોકોની સાથે આર્થિક છેતરપિંડીઓ કરવામાં આવી રહી છે. એઆઈ ક્લાઉડ સિસ્ટમ તથા જનરેટિવ એઆઈ અને ઓપન એઆઈનો ઉપયોગ કરીને ગુનેગારો દ્વારા વર્ચ્યુઅલ માયાજાળ ફેલાવવામાં આવે છે જેમાં લોકો ફસાય છે અને લાખો-કરોડો રૂપિયા ગુમાવી દે છે. હાલમાં વેબ માધ્યમોમાં ઉપલબ્ધ પેઈડ અને ફ્રી એઆઈ ટુલ્સ દ્વારા વિવિધ માહિતી અને કામગીરીઓ તૈયાર કરવામાં આવે છે અને તેના આધારે ખાતાધારકો સાથે છેતરપિંડી કરવામાં આવી રહી છે.

તાજેતરમાં અમેરિકાની એક આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ કંપનીએ દાવો કર્યો હતો કે, આધુનિક એઆઈ ક્લાઉડ સિસ્ટમનો ઉપયોગ કરીને કેટલાક હેકર્સ દ્વારા અમેરિકી ૧૭ જેટલી મોટી સરકારી એજન્સીઓ અને કંપનીઓ સાથે ફ્રોડ કરવામાં આવ્યું છે. નકલી ઈમેલ આઈડી, કોડ, નોકરીની અરજીઓ, પેમેન્ટ લિંક અને તસવીરો જેવી બાબતો દ્વારા લોકોને અને એજન્સીઓને ફસાવવામાં આવ્યા હતા. હાલમાં ઉલબ્ધ વિવિધ પેઈડ અને ફ્રી એઆઈ ટુલ્સ દ્વારા તેમણે વિવિધ લુપહોલ્સ બનાવીને તેનો હથિયાર તરીકે ઉપયોગ કર્યો હતો. જાણકારોના મતે એડવાન્સ એઆઈ ટુલ્સને ખરીદીને તેના દ્વારા ધારીએ તે કામ કરાવી શકાય છે. હેકર્સ દ્વારા પણ આવી જ રીતે લોકોના એકાઉન્ડની વિગતો, પાસવર્ડ, કોન્ટેક્ટ, કાર્ડની વિગતો, સંસ્થાઓની ફાઈલો, સરકારી વિભાગોના કાર્યોની ફાઈલો, આર્થિક વિગતો વગેરે મેળવવામાં આવ્યા હતા. તપાસ અધિકારીઓએ તો દાવો પણ કર્યો હતો કે, હેકર્સ હવે એઆઈના એડવાન્સ પેઈડ વર્ઝન ખરીદીને લોકોની સાથે સાઈબર ફ્રોડ અને આર્થિક ફ્રોડ કરવા ઉપરાંત તેમને નોટિસ મોકલીને ગભરાવે પણ છે. તેઓ ખંડણીની નોટિસ પણ એઆઈ દ્વારા જનરેટ કરીને મોકલાવે છે. નવાઈની વાત એ છે કે, ખંડણી માટે કેવી રીતે વસુલી કરવી, કેવી રીતે ધમકી આપવી, કેવા શબ્દોનો ઉપયોગ કરીને નોટિસ મોકલાવવી તેના માટે પણ હવે એઆઈનો ઉપયોગ થવા માંડયો છે. ઉલ્લેખનીય છે કે, અમેરિકાની એડવાન્સ ટેક્નોલોજી અને સરકારના સબળ પ્રયાસ છતાં લોકો સાથે કરોડોના સાઈબર ફ્રોડ થાય છે. તેમના ખાતાઓ અને કાર્ડમાંથી લાખોની રકમની તફડંચી થઈ જાય છે. તેમની સાથે છેતરપિંડી થઈ જાય છે. ભારતમાં તો આ સ્થિતિ અંત્યત ખરાબ છે. જુલાઈમાં જ સંસદના સત્ર દરમિયાન કેન્દ્રીય મંત્રીએ જણાવ્યું હતું કે, ગત વર્ષે જ ભારતમાં નાગરિકોના અંદાજે ૨૨,૯૦૦ કરોડ રૂપિયા સાઈબર ફ્રોડ દ્વારા પચાવી પાડવામાં આવ્યા છે. લોકો સાથે ૨૩ હજાર કરોડ રૂપિયાની છેતરપિંડી થાય અને સરકારને ખબર જ ન હોય કે કોણ કરે છે અને કોના દ્વારા થાય છે. જાણકારો માને છે કે, સરકારની આળસ, બેદરકારી અને લોકોના રક્ષણ પ્રત્યેના આંખ મિચામણાં જવાબદાર છે. કેન્દ્ર સરકાર અને બેંકોની ઢીલી નીતિ અને લોકોને અંધારામાં રાખવાની જે ભાવના છે તેના કારણે જ લોકોને મોટું નુકસાન વેઠવું પડી રહ્યું છે. સરકારી આંકડા ઉપર નજર કરીએ તો ૨૦૨૪માં લોકો સાથે આર્થિક ગોટાળાના સાઈબર ગુનામાં અધધ વધારો થયો છે.


**સમગ્ર ગુજરાત માં પત્રકારો અને જાહેરાત નું કામ કરી શકે તેવા ઉમેદવારો નીમવાના છે**

"વિશ્વ સમાચાર" અખબારમાં પત્રકાર તરીકે તથા જાહેરાત નું કામ કરી શકે તેવા યુવક - યુવતીઓ નીમવાના છે. જે ઉમેદવારને બાયોડેટા સાથે કાર્યાલય નો સંપર્ક કરવો.

**"વિશ્વ સમાચાર"**

મો. ૯૨૭૪૫ ૪૫૪૫૫

Email : vishvasamacharindia@gmail.com


### ભાજપની મુશ્કેલી વધી શકે છે!

# ગુજરાતના બ્રહ્મસમાજ કરી મંત્રીમંડળમાં મોટી માંગ

## રાજકોટમાં સૌરાષ્ટ્ર-કચ્છ સમસ્ત બ્રહ્મ સમાજના આગેવાને બ્રહ્મસમાજના ધારાસભ્યને મંત્રી બનાવવા માંગ કરી

રાજકોટ

રાજકોટ શહેર ભાજપ દ્વારા ગણપતિ મહોત્સવના આયોજનમાં બ્રહ્મ સમાજના આગેવાનોને આરતીનો સમય છઠ્ઠા દિવસે આપતા વિવાદ થયો છે. આ વિવાદ હવે ભાજપની મુશ્કેલી વધારી શકે છે. ગુજરાતભરમાં બ્રહ્મ સમાજ હવે ભારતીય જનતા પાર્ટી સામે મોરચો માંડે તો નવાઈ નહિ. બ્રહ્મ સમાજના અગેવાનોએ રાજકોટમાં પત્રકાર પરિષદ કરી હતી. જેમાં જણાવાયું કે, મંત્રી મંડળના વિસ્તરણની ચર્ચા વચ્ચે બ્રહ્મ સમાજ નારાજ છે. રાજકોટ સહિત સૌરાષ્ટ્રમાં બ્રહ્મસમાજના ધારાસભ્યને મંત્રી બનાવવા માંગ ઉઠી છે. માંડવીના ધારાસભ્ય અનિરુદ્ધ દવે અને ભાવનગરના ધારાસભ્ય સેજલબેન પંડ્યાને મંત્રી બનાવવામાં આવે તેવી માંગ કરી છે. સૌરાષ્ટ્ર-કચ્છ સમસ્ત બ્રહ્મ સમાજના આગેવાન ભરત ઓઝાએ નિવેદન આપ્યું હતું કે, ભાજપમાં બ્રાહ્મણોની અવગણના કરવામાં આવી રહી છે. સ્વ. ચીમનભાઈ શુક્લના સમયમાં જન સંઘની શરૂઆત થઈ અને ભાજપના પાયા નાખવામાં બ્રાહ્મણોએ લોહી રેડ્યું હતું અને પાર્ટી ઉભી કરી છે. હાલમાં રાજકોટ શહેર ભાજપ પ્રમુખ ડો. માધવ દવે બ્રાહ્મણ હોવા છતાં કશ્યપ શુક્લ, રામભાઈ મોકરીયાની અવગણના થઈ રહી છે. આગામી સમયમાં ચૂંટણીઓ આવી રહી છે ત્યારે સૌરાષ્ટ્ર કચ્છના ગામડે ગામડે જઈ બ્રહ્મણોને જાગૃત કરીશ. બ્રહ્મ સમાજને અન્યાય કરનારા સામે લડીશું. મંત્રી મંડળના વિસ્તરણની ચર્ચા વચ્ચે બ્રહ્મ સમાજની નારાજગી સામે આવી છે. રાજકોટ સહિત સૌરાષ્ટ્રમાં બ્રહ્મસમાજના ધારાસભ્યને મંત્રી બનાવવા માંગ ઉઠી છે. માંડવીના ધારાસભ્ય અનિરુદ્ધ દવે અને ભાવનગરના ધારાસભ્ય સેજલબેન પંડ્યાને મંત્રી બનાવવા માંગ ઉઠી છે. સૌરાષ્ટ્ર-કચ્છ સમસ્ત બ્રહ્મ સમાજના આગેવાન ભરત ઓઝાએ આ મુદ્દે કહ્યું કે, ભાજપમાં બ્રાહ્મણોની અવગણના કરવામાં આવી રહી છે. સ્વ. ચીમનભાઈ શુક્લના સમયમાં જન સંઘની શરૂઆત થઈ અને ભાજપના પાયા નાખવામાં બ્રાહ્મણોએ લોહી રેડયું છે. મુખ ડો. માધવ દવે હોવા છતાં કશ્યપ શુક્લ, રામભાઈ મોકરીયાની અવગણના થઈ રહી છે. આગામી સમયમાં ચૂંટણીઓ આવી રહી છે ત્યારે સૌરાષ્ટ્ર કચ્છના ગામડે ગામડે જઈ બ્રહ્મણોને જાગૃત કરીશ. બ્રહ્મ સમાજને અન્યાય કરનારા સામે લડીશું. બ્રાહ્મણોને મંત્રી મંડળમાં સ્થાન આપવા મુદ્દે યજ્ઞેશ દવેએ નિવેદન આપતા જણાવ્યું કે, ગુજરાતના ઈતિહાસમાં સૌથી વધારે બ્રાહ્મણ ધારાસભ્ય આ વખતે ચુંટાયા છે. ૨૦ વર્ષમાં સૌથી વધારે ધારાસભ્યો ચુંટાયા છે. દરેક સમાજને સમાન પ્રતિનિધિત્વ મળે છે. મંત્રી મંડળમાં કોને સ્થાન આપવું એ પક્ષના મોવડીઓ નક્કી કરતા હોય છે.

### ભાડૂતીઓને હથિયાર પૂરા પાડ્યાનો આરોપ

# રીબડા ફાયરિંગ કેસઃ પોલીસે વધુ બે આરોપીની કરી ધરપકડ

## આ પહેલા હથિયાર સાચવવા અંગે રાજકોટના વકીલ રવિ ગમારા અને નિશાંત રાવલની ધરપકડ કરાઈ હતી

રાજકોટ : રાજકોટના રીબડામાં અનિરૂદ્ધસિંહ જાડેજાના ભત્રીજાના પેટ્રોલ પંપ ઉપર ફાયરિંગના કેસમાં પોલીસે અન્ય એક આરોપીની ધરપકડ કરી છે. ગોંડલ તાલુકા પોલીસે પુનિતનગર વિસ્તારમાં રહેતા ઈમરાન ઉર્ફે કાળુ હાસમ સૈયદ અને નામચીન પરિક્ષીત ઉર્ફે પરેશ ઉર્ફે પરીયો બળધાની ધરપકડ કરી છે. આ સાથે જ આ કેસમાં ધરપકડનો આંક ૯ પર પહોંચ્યો છે. ફાયરિંગ કરનાર ભાડૂતી આરોપીઓને હથિયાર આપવા બાબતે ઈમરાન અને પરિક્ષીતની સંડોવણી ખૂલતા બંનેની ધરપકડ કરવામાં આવી છે. આ પહેલા હથિયાર સાચવવા અંગે રાજકોટના વકીલ રવિ ગમારા અને નિશાંત રાવલની ધરપકડ કરાઈ હતી. જે ભાડુતી આરોપીઓ ફાયરિંગ કરવા આવ્યા હતા તેમને શાપરના ઓવરબ્રીજ પાસે ઈમરાને હથિયાર આપ્યું હતું. થોડા સમય પહેલા જ રાજકોટમાં પરિક્ષીતે અન્ય આરોપી સાથે મળી એક યુવાન ઉપર અગાઉ થયેલા ફાયરિંગનો બદલો લેવા ફાયરિંગ કર્યુ હતું. જે કેસમાં પરિક્ષીતની તાજેતરમાં જ ભક્તિનગર પોલીસે ધરપકડ કરી જેલ હવાલે કર્યો હતો. ગોંડલ તાલુકા પોલીસે જેલમાંથી તેનો કબજો મેળવ્યો હતો.

રીબડામાં પેટ્રોલપંપ પર થયેલા ફાયરિંગના ચર્ચાસ્પદ કેસમાં હાર્દિક સિંહની સંડોવણી ખુલી હતી. ફાયરિંગના થોડા સમય બાદ જ તેણે સોશિયલ મીડિયા ઉપર ફાયરિંગ કર્યાની કબૂલાત કરી હતી. જેથી ગોંડલ તાલુકા પોલીસ, LCB, SOG સહિતની ટીમો તેની શોધખોળમાં લાગી ગઈ હતી. બીજા રાજ્યોમાં પણ તેને પકડવા પોલીસની ટીમો રવાના કરવામાં આવી હતી. પરંતુ સફળતા મળી ન હતી. જોકે ફાયરિંગ કરનાર ઉત્તરપ્રદેશના ચાર ભાડુતી આરોપીઓ વિશે માહિતી મળતાં તમામને એલસીબીની ટીમે ઝડપી લીધા હતા. આ તમામ આરોપીઓએ પણ હાર્દિક સિંહના કહેવાથી ફાયરિંગ કર્યાનું કબુલ્યું હતું. એટલું જ નહીં તેમને ફાયરિંગ કરવા માટે અમુક રકમ આપવાની પણ વાત સ્વીકારી હતી. ચારેય ભાડુતી આરોપીઓ ઝડપાયા બાદ રાજકોટ રૂરલ પોલીસની ટીમોએ હાર્દિક સિંહની શોધખોળ જારી રાખી હતી. પરંતુ સફળતા મળતી ન હતી. રાજકોટ શહેર ક્રાઈમ બ્રાંચ પણ તેની શોધખોળમાં હતી અને ૧૨ ઓગસ્ટે એલસીબી દ્વારા ગુજરાત બહારથી તેની ધરપકડ કરવામાં આવી હતી.

## સરદાર બાગનું કર્યું લોકાર્પણ

# કેન્દ્રીય ગૃહપ્રધાન અમિત શાહે વિવિધ વિકાસકાર્યોની આપી ભેટ

## ગોતા-ચાંદલોડિયામાં નવા અર્બન હેલ્થ સેન્ટરનું લોકાર્પણ કર્યું : અહવાડિયા તળાવ પાસે ૧૦૦ વૃક્ષોનું વૃક્ષારોપણ



અમદાવાદ

કેન્દ્રીય ગૃહપ્રધાન અમિત શાહ ૨ દિવસ ગુજરાતની મુલાકાતે છે. ત્યારે અમિત શાહે આજે અમદાવાદીઓને વિવિધ વિકાસકાર્યોની ભેટ આપી છે. ગોતા અને ચાંદલોડિયામાં નવા અર્બન હેલ્થ સેન્ટરનું લોકાર્પણ કર્યુ છે. ૧૨ કરોડના ખર્ચે નવીનીકરણ કરાયેલા સરદારબાગનું લોકાર્પણ કર્યું છે. આ ઉપરાંત રાણીપના અહવાડિયા તળાવ પાસે એક સાથે ૧૦૦ વૃક્ષોનું વૃક્ષારોપણ કર્યું છે.

ઉલ્લેખનીય છે કે અમિત શાહે ગોતા વોર્ડમાં ઓગણજ ગામ પાસે અને ચાંદલોડિયા વોર્ડમાં ઓશિયા હાઈપરમાર્ટ પાસે નવા બનાવવામાં આવેલા અર્બન હેલ્થ સેન્ટરનું લોકાર્પણ કર્યું. ત્યારબાદ રાણીપ વોર્ડમાં તળાવ પાસે આવેલા પ્લોટમાં વૃક્ષારોપણ કર્યુ છે. જે બાદ નવા વાડજ વિસ્તારમાં સૌરભ સ્કૂલ પાસે નવા બની રહેલા મ્યુનિસિપલ કોર્પોરેશનના અર્બન ફોરેસ્ટમાં વૃક્ષારોપણ કાર્યક્રમમાં પણ હાજરી આપી. મહત્વનું છે કે અમિત શાહે લાલ દરવાજા વિસ્તારમાં બનાવવામાં આવેલા સરદારબાગનું પણ લોકાર્પણ કર્યુ છે. અંદાજે ૧૨ કરોડથી વધુના ખર્ચે સરદારબાગનું નવીનીકરણ કરવામાં આવ્યું છે. આ સરદારબાગને આજથી લોકો માટે ખુલ્લો મુકવામાં આવ્યો છે. આ પ્રસંગે અમિત શાહે સરદાર બાગમાં આવેલી સરદાર પટેલની પ્રતિમાને પુષ્પાંજલિ કરી હતી.

# ભાજપ પણ ૨૦૨૭માં ૧૫૬ વાળી રિપીટ કરશે

રાજકોટ

રાજકોટ પૂર્વ વિધાનસભામાં ગોપાલ ઈટાલિયાની સભાથી રાજકારણ ગરમાયું. ગોપાલ ઈટાલિયાની વિસાવદર વાળીના દાવા સામે રાજકોટ પૂર્વના ધારાસભ્ય ઉદય કાનગડનું મોટું નિવેદન. "ભાજપ પણ ૨૦૨૭માં ૧૫૬ વાળી રિપીટ કરશે, જાતિવાદથી લોકોને ઉશ્કેરવા સહેલા છે,આ વિસ્તારમાં મારા કામ બોલે છે". ૨૦૨૨મા પણ આ બેઠક પર આમ આદમી પાર્ટી આ બેઠક પર જાતિવાદનો પ્રયોગ કરી ચૂકી છે જે સફળ નહીં થાય. રાજકોટ પૂર્વ વિધાનસભા બેઠક હાલમાં રાજકીય ગરમાવો અનુભવી રહી છે. તાજેતરમાં આમ આદમી પાર્ટીના નેતા ગોપાલ ઈટાલિયાની સભાએ રાજકારણમાં નવો વળાંક આપ્યો છે. આ સભામાં ગોપાલ ઈટાલિયાએ વિસાવદરવાળી (એટલે કે, વિસાવદરમાં AAPની જીત થઈ તેવું પરિણામ) રાજકોટ પૂર્વમાં પણ રિપીટ થશે તેવો દાવો કર્યો હતો. તેમના આ દાવા બાદ રાજકોટ પૂર્વના વર્તમાન ધારાસભ્ય અને ભાજપના નેતા ઉદય કાનગડએ તુરંત જ વળતો જવાબ આપી રાજકીય માહોલને વધુ ગરમ કર્યો.

ઉદય કાનગડે ઈટાલિયાના દાવાને નકારી કાઢતા કહ્યું કે, ભાજપ ૨૦૨૭માં પણ ૧૫૬ બેઠકોવાળી જીત ફરીથી રિપીટ કરશે. તેમણે સ્પષ્ટપણે જણાવ્યું કે, રાજકારણમાં જાતિવાદથી લોકોને ઉશ્કેરવા સહેલા છે, પરંતુ રાજકોટ પૂર્વમાં મારા કામ બોલે છે. કાનગડે ૨૦૨૨ની વિધાનસભા ચૂંટણીનો પણ ઉલ્લેખ કર્યો, જેમાં આમ આદમી પાર્ટીએ આ બેઠક પર જાતિવાદનો ઉપયોગ કરવાનો પ્રયાસ કર્યો હતો, જે નિષ્ફળ રહ્યો હતો. તેમણે ઉમેર્યું કે આ વખતે પણ તેમનો આ પ્રયોગ સફળ નહીં થાય. આ ઉપરાંત, તાજેતરમાં પૂર્વ મંત્રી અરવિંદ રૈયાણીને પ્રદેશ ભાજપ દ્વારા આ બેઠક પર સક્રિય કરવાના મુદ્દે પણ ઉદય કાનગડે નિવેદન આપ્યું. તેમણે સ્પષ્ટતા કરી કે, અરવિંદભાઈ હંમેશા સક્રિય જ હતા અને આજે પણ સક્રિય છે. તેમણે જૂથવાદની વાતને નકારી કાઢતા કહ્યું કે, ભાજપ એક પરિવાર છે અને અહીં જૂથવાદ જેવું કંઈ નથી. આમ, ગોપાલ ઈટાલિયાની સભા અને તેના જવાબમાં ઉદય કાનગડના નિવેદનોએ રાજકોટ પૂર્વની રાજનીતિમાં ચર્ચાનું કેન્દ્ર બન્યું છે. ભાજપ અને આમ આદમી પાર્ટી વચ્ચેનો આ રાજકીય સંઘર્ષ આગામી સમયમાં વધુ રોચક બનશે તેવું જણાઈ રહ્યું છે.

# સુરત પોલીસે હરિયાણાની ચોર ટોળીને ઝડપી પાડી

સુરત,

સુરત પોલીસે હરિયાણાની ચોર ટોળીને ઝડપી પાડી છે. પોલીસે બે મહિલા સહિત પાંચ આરોપીને ઝડપી પાડ્યા છે. બે મહિલા આરોપીએ ગોલ્ડ લગડીની ચોરી કરી હતી. ઓટો રીક્ષામાંથી ૩૨.૭૪ લાખની ચોરી કરી હતી. ટ્રેનમાં બેસી મહિલાઓ અલગ-અલગ શહેરોમાં ચોરી કરવા જતી હતી. ફૂટપાથ પર પડાવ નાખી બેંક-ફાયનાન્સ કંપનીમાં રેકી કરી ચોરીને અંજામ આપતી હતી. ગેંગની મહિલાઓ રિક્ષામાં બેસી ગુનાને અંજામ આપતી હતી.

સુરત ક્રાઈમ બ્રાન્ચે હરીયાણાની આંતર રાજ્યની ટોળકીને ઝડપી પાડી છે. પોલીસે બે મહિલા સહિત પાંચને ઝડપી પડ્યાં છે. પકડાયેલ બંને મહિલાઓએ મહિધરપુરા વિસ્તારમાંથી ગોલ્ડ લગડીની ચોરી કરી હતી. ઓટોરીક્ષામાંથી ફરિયાદીના પર્સમાંથી રૂપિયા ૩૨.૭૪ લાખની ગોલ્ડ લગડીની ચોરી કરી હતી. સોનાની લગડી લઈ ભાગી છૂટેલી ત્રીજી મહિલાની શોધખોળ કરાઈ રહી છે. આ ગેંગે ટ્રેનમાં બેસી હરિયાણાથી અલગ-અલગ શહેરોમાં ચોરી કરવા જતી હતી. આ ગેંગે શહેરમાં ફૂટપાથ પર પડાવ નાંખી બેંક-ફાયનાન્સ કંપનીમાં રેકી કરતી હતી.આ ગેંગની મહિલાઓ રિક્ષામાં બેસી પોતાના ગુનાને અંજામ આપે છે. પોલીસે આ ગેંગને ઝડપી તેમની સામે કાર્યવાહી હાથ ધરી છે. ઓટોરીક્ષામાંથી ફરિયાદીના પર્સમાંથી રૂપિયા ૩૨.૭૪ લાખની ગોલ્ડ લગડીની ચોરી કરી હતી

## ઘટનાનો વીડિયો હાલ વાયરલ થયો

# યુવકને થાંભલે બાંધી ઢોર માર મારીને તાલીબાની સજા અપાઈ

નર્મદા : સાગબારા તાલુકાના સેલંબા ગામમાં એક ૩૭ વર્ષીય યુવકને થાંભલે બાંધી ઢોર માર મારીને તાલીબાની સજા અપાઈ હોવાની ઘટનાનો વીડિયો હાલ વાયરલ થયો છે. પ્રાપ્ત માહિતી અનુસાર, આ ઘટનામાં ભોગ બનનારનું નામ દીપક તુકારામ કોળી છે, જેને થોડા સમય અગાઉ ગામમાં પ્રધાનમંત્રી આવાસ યોજનામાં ભ્રષ્ટાચારનો પર્દાફાશ કર્યો હતો. જે બાબતે નારાજ થઈને ગામની ગ્રામ પંચાયતના મહિલા સભ્ય સહિત ચાર લોકોએ તેને પહેલા દોડાવી દોડાવીને માર માર્યો અને બાદમાં થાંભલા સાથે બાંધીને તાલિબાની સજા આપી હતી. સમગ્ર ઘટનાની વિગતવાર વાત કરીએ તો, ઘટનામાં ભોગ બનનાર ૩૭ વર્ષીય દીપક તુકારામ કોળીએ સેલંબા ગ્રામ પંચાયતમાં પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ થયેલા ભ્રષ્ટાચારની લેખિત ફરિયાદ નર્મદા જિલ્લા વહીવટીતંત્રને કરી હતી. આ ફરિયાદથી ગુસ્સે થયેલા ગામના કેટલાક લોકોએ દીપક પર હુમલો કર્યો હતો. મળતી માહિતી મુજબ ગ્રામ પંચાયતના એક મહિલા સભ્ય સહિત ચાર લોકોએ દીપકને થાંભલે બાંધીને ઢોર માર માર્યો અને તેને તાલીબાની શૈલીમાં સજા આપી હતી. આ ઘટનાનો વીડિયો સોશિયલ મીડિયા પર ફેલાતાં લોકોમાં આક્રોશ વધ્યો છે. વીડિયો વાયરલ થતા નર્મદા જિલ્લામાં ભારે હોબાળો મચાવા પામ્યો છે. લોકોનું કહેવું છે કે, ભ્રષ્ટાચાર ઉજાગર કરનાર વ્યક્તિને આ રીતે નિશાન બનાવવું લોકશાહીની ભાવનાને ઠેસ પહોંચાડે છે. સ્થાનિકો દ્વારા માંગ કરવામાં આવી રહી છે કે આરોપીઓને કડકમાં કડક સજા થાય અને ભ્રષ્ટાચારના મુદ્દે તપાસ કરવામાં આવે. નોંધનીય છે કે, તાજેતરમાં નર્મદા જિલ્લાના નવનિયુક્ત પોલીસ વડાએ ચાર્જ સંભાળતા સમયે જ આ ઘટના બની છે, ત્યારે તેમની માટે પણ આ એક પડકારજનક મુદ્દો ઉઠ્યો છે, જોકે ભારે જનઆક્રોશ ફાટી નીકળતા પોલીસે વાયરલ વીડિયોને આધારે સાગબારા પોલીસ મથકમાં ચાર લોકો વિરુદ્ધ ગુનો નોંધ્યો છે. ત્યારે સ્થાનિક લોકોની માંગ છે કે, નવા પોલીસ વડા આ ઘટનાની ગંભીર તપાસ કરે અને આરોપીઓને કડક સજા કરે.

દીપક કોળીએ PM આવાસ યોજનામાં થયેલા ભ્રષ્ટાચારની ફરિયાદ જિલ્લા વહીવટીતંત્રને કરી હતી, જે બાદ તેને આ રીતે તાલિબાની સજા મળતા આ ઘટનાએ નર્મદા જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ પર સવાલો ઉભા કર્યા છે.

# સુરતમાં સ્ટેટ લેવલ રનરને કચરાની ગાડીએ ટક્કર મારતાં મોત નિપજ્યું

સુરત

સુરતમાં વધુ એક વખત રફતારના રાક્ષસનો આતંક સામે આવ્યો છે, જેમાં કચરાની ગાડીના ડ્રાઈવરે સ્ટેટ લેવલ રનરને ટક્કર મારતા યુવતીનું ઘટના સ્થળે મોત થયું છે, ડ્રાઈવર ટેમ્પો મૂકીને ફરાર થાય તે પહેલા લોકોએ ઝડપી પોલીસને સોંપ્યો હતો, તો પોલીસે ડ્રાઈવર સામે ગુનો નોંધીને તેની ધરપકડ કરી હતી.

સુરત મનપા ટેમ્પોના ચાલકે નેશનલ દોડવીરનો ભોગ લીધો છે, ટેમ્પો ચાલકે મોપેડને ટક્કર મારતા અકસ્માત થયો અને વિધી કદમ નીચે પડતા તેનું મોત થયું છે, પોલીસની તપાસમાં સામે આવ્યું છે કે, ડ્રાઈવર પાસે પાકુ ડ્રાઈવિંગ લાયસન્સ ન હતું અને તે લર્નિંગ લાયસન્સ પર મનપાનો ટેમ્પો ચલાવતો હતો. અને ટેમ્પો ચાલક ૨૨ વર્ષીય ગિરીશ અડડની ધરપકડ કરવામાં આવી છે, પોલીસે આસપાસના સીસીટીવી પણ તપાસ માટે લીધા છે, ખટોદરા પોલીસ આ મામલે તપાસ કરી રહી છે.મૃતક વિધી તેના પરિવાર સાથે સુરતમાં રહેતી હતી અને તેનું મૂળ વતન મહારાષ્ટ્રમાં છે, મૃતક વિધીના પરિવારમાં માતા-પિતા-ભાઈ છે, તો પિતા દરજી કામ કરીને ગુજરાન ચલાવે છે, વિધિ બી.કોમના બીજા વર્ષમાં અભ્યાસ કરી રહી હતી અને સ્ટેટ લેવલ સુધીના દોડની સ્પર્ધાઓમાં ભાગ લઈ ચૂકી છે. વિધિએ ટૂંકી દોડમાં ઘણા એવોર્ડ મેળવ્યા છે. હાલ તે અભ્યાસની સાથે ભટાર ખાતે આવેલા જિમમાં ટ્રેનર તરીકે કામ કરતી હતી, પોલીસે મૃતદેહને પીએમ માટે ખસેડયો છે અને પીએમ થયા બાદ મૃતદેહ પરિજનોને સોંપવામાં આવશે.

### ગુજરાતમાં પ્રથમવાર શિક્ષકોને તાલીમ

# હવે ગુજરાતમાં AI પદ્ધતિથી વિદ્યાર્થીઓને શિક્ષણ અપાશે

## ૪,૦૦૦થી વધુ શિક્ષકોને તાલીમ આપવામાં આવી છે

સુરત

રાજયમાં પ્રથમ વખત, બનાસકાંઠાના ૧૫ થી ૨૪ વર્ષની વયના ૮ યુવા વિદ્યાર્થીઓએ ''''AI FOR EDUCATORS'''' નામની એક ખાસ એપ બનાવી છે.આ એપને ૧૫ વર્ષીય ચિરાગ અભેરામભાઈ જોષી ઓપરેટ કરી રહ્યા છે. જેઓ ધોરણ ૧૧માં અભ્યાસ કરે છે.આ એપ્લિકેશન દ્વારા અત્યાર સુધીમાં ૪,૦૦૦થી વધુ શિક્ષકોને AI પદ્ધતિથી શિક્ષણની તાલીમ આપવામાં આવી છે. જેમાં રાજ્યના શિક્ષણ મંત્રી પ્રફુલ પાનસુરીયા પણ ઉપસ્થિત રહ્યા હતા. આ તાલીમમાં, તેમણે શિક્ષકોને આ નવી પદ્ધતિનો ઉપયોગ કરવા માટે પ્રોત્સાહિત કર્યા હતા. આ એપની મદદથી શિક્ષકો અને વિદ્યાર્થીઓ સરળતાથી શિક્ષણ મેળવી શકશે. શિક્ષકો ધોરણ ૧ થી ૧૨ સુધીના વિદ્યાર્થીઓને સરળતાથી ભણાવી શકશે. આ એપમાં ગુજરાત બોર્ડ, મહારાષ્ટ્ર બોર્ડ, અને CBSE બોર્ડના અભ્યાસક્રમોનો સમાવેશ કરવામાં આવ્યો છે. અને તેમાં તમામ વિષયો ઉપલબ્ધ છે. આ એપ નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિને ધ્યાનમાં રાખીને તૈયાર કરવામાં આવી છે. આ એપના માધ્યમથી માત્ર ૩૦ સેકન્ડમાં ગુજરાતી, અંગ્રેજી, અને મરાઠી સહિતની ભાષાઓના ધોરણ ૧ થી ૧૨ ના પુસ્તકોનું જ્ઞાન સરળતાથી મેળવી શકાશે. વધુમાં, વાર્તા, કવિતા, નાટક, અને ગીતના માધ્યમથી વિદ્યાર્થીઓને રસપ્રદ રીતે ભણાવી શકાશે. આ એપ્લિકેશનના સંચાલક બનાસકાંઠાના ખેતેશ આકોલિયા છે. અને આ એપ બનાવવામાં યુવાનોને લગભગ એક વર્ષનો સમય લાગ્યો છે. આ યુવાનો પાલનપુર ખાતે આ AI પદ્ધતિ પર કામ કરી રહ્યા છે. સુરતના શિક્ષકોને આ પદ્ધતિની તાલીમ ગુજરાતમાં પ્રથમવાર આપવામાં આવી છે.

AI એપના મુખ્ય ફાયદાઃ

★ ઝડપી માહિતીઃ આ એપના માધ્યમથી શિક્ષકો માત્ર ૩૦ સેકન્ડમાં કોઈપણ વિષયની માહિતી મેળવી શકે છે.

★ સરળ શિક્ષણઃ ધોરણ ૧ થી ૧૨ સુધીના તમામ વિષયોને આ એપ દ્વારા સરળતાથી ભણાવી શકાય છે. ★ રુચિકર શિક્ષણઃ પુસ્તકોના પાઠને વાર્તા, કવિતા, અને ગીતના માધ્યમથી રજૂ કરીને વિદ્યાર્થીઓને ભણવામાં વધુ રસ પડે તેવું વાતાવરણ ઊભું કરી શકાય છે.

★ બહુભાષીય ઉપયોગઃ આ એપમાં ગુજરાત બોર્ડ, મહારાષ્ટ્ર બોર્ડ, અને CBSE બોર્ડના વિદ્યાર્થીઓ માટે શિક્ષણ સામગ્રી ઉપલબ્ધ છે.

★ નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિનો અમલઃ આ એપ ખાસ કરીને નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિને ધ્યાનમાં રાખીને તૈયાર કરવામાં આવી છે. જે ટેક્નોલોજી આધારિત શિક્ષણ પર ભાર મૂકે છે.

આ પહેલ ગુજરાતના શિક્ષણ ક્ષેત્રમાં એક નવું પરિવર્તન લાવી શકે છે અને શિક્ષકો તેમજ વિદ્યાર્થીઓ બંને માટે શિક્ષણ પ્રક્રિયાને વધુ સુગમ બનાવી શકે છે.

### ભાદરવી પૂનમના દિવસે ચંદ્રગ્રહણને કારણે ફેરફાર

# અંબાજીમાં દર્શનનો સમય અને ધ્વજારોહણમાં ફેરફાર



અંબાજી

શક્તિ, ભક્તિ અને આસ્થાનું કેન્દ્ર એવા અંબાજી ખાતે આગામી ૧ થી ૭ સપ્ટેમ્બર ૨૦૨૫ દરમિયાન ભાદરવી પૂનમ મહા મેળાનું આયોજન કરાશે. ભાદરવી પૂનમ મહામેળા દરમિયાન માતાજીની આરતી તથા દર્શનનો સમય નીચે મુજબ રહેશે. આગામી તારીખ ૧ થી ૬ સપ્ટેમ્બર દરમિયાન આરતી સવારે ૬ થી ૬.૩૦ કલાકે, દર્શન સવારે ૬ થી ૧૧.૩૦ કલાક સુધી, દર્શન બંધ ૧૧.૩૦ થી ૧૨.૩૦, દર્શન બપોરે ૧૨.૩૦ થી ૧૭.૦૦ કલાક સુધી, દર્શન બંધ ૧૭ થી ૧૯ કલાક સુધી, દર્શન સાંજે ૧૯ થી ૨૪ કલાક સુધી તથા દર્શન બંધ ૨૪ થી સવારે ૬ સુધી રહેશે.

આગામી તારીખ ૭ સપ્ટેમ્બર, રવિવાર એટલે કે ભાદરવી પૂનમ મહા મેળાના દિવસે ચંદ્રગ્રહણ હોવાથી આરતી સવારે ૬ વાગ્યાથી ૬.૩૦ સુધી, દર્શન સવારે ૬ થી ૧૦ કલાક સુધી, શયન કાળ આરતી ૧૨ થી ૧૨.૩૦ કલાકે, બંધ મંદિરમાં જાળીમાંથી દર્શનનો સમય ૧૨.૩૦ થી ૧૭ સાંજે ૧૭ કલાકથી દર્શન બંધ રહેશે. ૭ સપ્ટેમ્બર, રવિવાર એટલે કે ભાદરવી પૂનમ મહા મેળાના દિવસે ચંદ્રગ્રહણ હોવાથી અંબાજી મંદિરના શિખર પર બપોરે ૧૨.૩૦ કલાક બાદ ધ્વજારોહણ થઈ શકશે નહીં. આ સાથે ૮ સપ્ટેમ્બરથી દર્શનનો સમય રાબેતા મુજબ રહેશે જેની સર્વે શ્રદ્ધાળુઓને નોંધ લેવા વિનંતી છે.

### ગુનાહિત ઈતિહાસ ધરાવતા ૨૧૫ જેટલા આરોપીના ઘરે સર્ચ ઓપરેશન

## ઝોન-૬ની ટીમે દ્વારા વટવા,ઈસનપુર, મણિનગર સહિતના વિસ્તારોમાં કોમ્બિંગ હાથ ધરવામાં આવ્યું

અમદાવાદ

અમદાવાદમાં ગણેશ ઉત્સવ ધામધૂમથી ઉજવવામાં આવી રહ્યો છે. ત્યારે અમદાવાદમાં ગુનાહિત ઈતિહાસ ધરાવતા આરોપીઓ પર પોલીસે સપાટો બોલાવ્યો છે. ઝોન-૬ની ટીમે શહેરના અલગ-અલગ વિસ્તારોમાં કોમ્બિંગ હાથ ધર્યું છે. વટવા,ઈસનપુર, મણિનગર સહિતના વિસ્તારોમાં કોમ્બિંગ હાથ ધરવામાં આવ્યું છે. ગુનાહિત ઈતિહાસ ધરાવતા ૨૧૫ જેટલા આરોપીના ઘરે સર્ચ કરવામાં આવ્યું છે.

લૂંટ, મારામારી, ચોરી જેવા ગુનાઓ આચરતા આરોપીઓના ઘરે સર્ચ હાથ ધરવામાં આવ્યું છે. અનેક આરોપીઓના ઘરેથી હથિયારો મળી આવ્યા છે. પોલીસે અલગ-અલગ ફરિયાદ નોંધી કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

ઉલ્લેખનીય છે કે અમદાવાદમાં પોલીસે ગુનાહિત ઈતિહાસ ધરાવતા આરોપીઓને ત્યાં કોમ્બિંગ હાથ ધરવામાં આવ્યો છે. જેના પગલે ઝોન-૬ની ટીમે શહેરના અલગ-અલગ વિસ્તારોમાં કોમ્બિગ હાથ ધરવામાં આવ્યું છે. લૂંટ, મારામારી, ચોરી જેવા ગુનાઓ આચરતા આરોપીઓના ઘરે સર્ચ હાથ ધરવામાં આવ્યો છે.

### ખોડલધામમાં થયું ભવ્ય સ્વાગત

# પાટીદારોના કુળદેવી મા ખોડલના દર્શને પહોંચ્યા ગોપાલ ઈટાલિયા

## ગોપાલ ઈટાલિયાએ ખોડલધામમાં શીશ ઝુકાવ્યું

કાગવડ

વિસાવદરના ધારાસભ્ય અને આમ આદમી પાર્ટીના નેતા, ગોપાલ ઈટાલિયા આજે કાગવડ સ્થિત ખોડલધામ મંદિરે મા ખોડલના દર્શનાર્થે પહોંચ્યા હતા. સાથે ખોડલધામના ટ્રસ્ટીઓ અને સમર્થકો દ્વારા બેન્ડબાજા સાથે તેમનું ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. સાથે ખોડલધામના મુખ્ય દરવાજે પહોંચતા જ ટ્રસ્ટીઓ દ્વારા હાર પહેરાવીને ગોપાલ ઈટાલિયાનું સન્માન કરવામાં આવ્યું હતું. ત્યાર બાદ ગોપાલ ઈટાલિયા મોટી સંખ્યામાં ઉપસ્થિત પોતાના કાર્યકર્તાઓ અને સમર્થકો સાથે પગપાળા મંદિરે પહોંચ્યા હતા. મંદિરમાં બ્રાહ્મણો દ્વારા તેમને કંકુ તિલક કરવામાં આવ્યું હતું અને ટ્રસ્ટીઓ દ્વારા ખેસ પહેરાવીને તેમનું સ્વાગત કરાયું હતું. દર્શન બાદ મીડિયા સાથેની વાતચીતમાં ગોપાલ ઈટાલિયાએ જણાવ્યું કે, વિસાવદરના મતદાતાઓના આશીર્વાદથી ધારાસભ્ય બન્યા બાદ આજે પ્રથમ વખત કુળદેવી મા ખોડલના દર્શન કરવાનું સૌભાગ્ય પ્રાપ્ત થયું છે. અમે ગુજરાત માટે જે સંઘર્ષ કરી રહ્યા છીએ, તે માર્ગ પરથી ક્યારેય પાછા ન પડીએ અને નિરાશ થયા વગર ખેડૂતો માટે અમારી લડાઈ ચાલુ રાખી શકીએ. તે માટે ખેડૂતો, રત્ન કલાકારો, પશુ પાલકોનું જીવન સુખમય બને તેવા આશીર્વાદ માંગ્યા છે."




PRINTER, PUBLISHER, OWNER AND EDITOR : NILAYBHAI HARISHBHAI MEHTA PRINTED AT DHARTI PRINTERS : C/3, Celler, Shanker Chambers, Opp. Bata Showroom, Nr. H.K. House, Ashram Road, Ahmedabad-380009. gujarat AND PUBLISHED FROM : Opp. Sheth Vadilal Sarabhai Hospital, Ellisbridge, AHMEDABAD-380006(GUJ).